“ દ્વિમાસિક અંક ”

# ઉત્થાન

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત

**શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.**

( Accredited By NAAC : 'B' Grade)

વર્ષ : ૨ | ઓગસ્ટ-સપ્ટેમ્બર - ૨૦૦૯ (માસિક અંક) | ✲ વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/- ✲ છુટક નકલ રૂા. ૫/- | સળંગ અંક : ૧૫



✲ **તંત્રીશ્રી :**

પ્રિ. ડૉ. વિમલ જોષી

✲ **મદદનીશ તંત્રીશ્રી :**

શ્રી સુમનભાઈ એમ. પરીખ (ગ્રંથપાલ)

✲ **સહ તંત્રીશ્રીઓ :**

ડૉ. જી. સી. કાછીઆ (આમંત્રિત)

પ્રા. વિજય પટેલ

પ્રા. કે. આર. વણકર

પ્રા. ઉમેશભાઈ એન. પટેલ

પ્રા. એ. વી. પંડ્યા

પ્રા. બી.ડી.જોષી

✲ **વિદ્યાર્થી સંપાદકો :**

ફરહાનબાનુ દિવાન

પ્રતિક્ષા પ્રજાપતિ

મૌલિક પટેલ

શાવલિયા શૈલેષ

બારોટ ભૂમિકા

પટેલ ધ્રુવિબેન

પટેલ તુલસી

✲ **પ્રકાશક :**

શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.

પોસ્ટ બોક્સ નં. : ૨૩

મુ. પેટલાદ - ૩૮૮૪૫૦.

જિ. આણંદ - ગુજરાત.

ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬

Website :

www.petladcollege.com


તંત્રીશ્રીની કલમે....

## અંતિમવાદી પરિબળોને નશ્યત કરવાનું એક વૈચારિક શસ્ત્ર : ફરજિયાત સૈનિક તાલીમ

ભારતની વિકાસ કૂચની આડે આવતા કેટલાક પરિબળો પૈકી - અંતિમવાદ - બાગલાવાદ એ અવગણી શકાય નહિ. એવા પરિબળ ગણી શકાય. પ્રવર્તમાન સમયમાં આતંકવાદ-નક્સલવાદ-માઓવાદ જેવી વિઘટનવાદી પ્રવૃતિઓ સામે લડવા માટે રાજકીય પ્રતિભાઓ, અમલદારો સહિત સૌ નાગરીકોએ સહિયારો મક્કમ પ્રયત્ન કરવો જ રહ્યો. કારણ રાષ્ટ્રીય એકતારૂપી તાકાત એ એક જ આવી દેશદ્રોહી પ્રવૃતિને ડામી દેવા માટેનો નક્કર ઉકેલ ગણી શકાય. પરંતુ, રાષ્ટ્રીય એકતાનું ચણતર સિમેન્ટ, કપચી કે રેતી વડે કરી શકાય નહીં; પણ દેશ બાંધવોના દિલોદિમાગમાં એનો શાશ્વત સંચાર થવો જરૂરી છે. આ માટેના કેટલાક પ્રયત્નો પૈકી, દરેક દેશવાસીઓ માટે ફરજિયાત સૈનિક તાલીમ (Military training) નો પણ વિચાર કરવો જોઈએ. આ બાબતે, દરેક દેશ વાસીઓ માટેની ટૂંકા ગાળાની ફરજિયાત સૈનિક તાલીમનો પણ વિચાર કરવો જોઈએ. પુખ્ત વિચારણાને અંતે, તબક્કાવાર અમલ કરવામાં આવે અને મતબેંકની ચિંતા કર્યા વગર સૈનિક તાલીમને કેન્દ્ર કે રાજ્ય દ્વારા નાગરિકોને મળતા જુદા સરકારી લાભ સાથે સાંકળી લેવામાં આવે તો વધુ અસરકારક પરિણામની આશા સેવી શકાય. જેમકે, ઉચ્ચશિક્ષણની સંસ્થાઓમાં પ્રવેશ, ખાનગી, સરકારી કે અર્ધસરકારી નોકરી માટે; ધંધો કે રોજગાર કરવાનું લાયસન્સ મેળવવા માટે; રાજકારણમાં પ્રવેશવા માટેના પ્રથમ સોપાન સમા ચૂંટણીમાં ઉમેદવારી માટે, જુદા જુદા સમયગાળાની ટૂંકી સૈનિક તાલીમ લેવી ફરજિયાત બનાવવામાં આવે. આ પ્રક્રિયાના અમલના પ્રારંભિક તબક્કામાં વિરોધનો વંટોળ ઉઠવાની શક્યતા છે અને સામે આવા પગલાને દેશ માટે સ્તુત્ય પગલું ગણનારો વર્ગ પણ બહાર આવવાની શક્યતા રહેલી છે. પરંતુ વિરોધ કરનારા વર્ગને દેશના હિતમાં, વાર્તાલાપ દ્વારા આ વાત ગળે ઉતારવામાં આવે તો કંઈ જ મુશ્કેલ નથી માત્ર મક્કમતાની તથા રાજકીય ઈચ્છા શક્તિની જરૂરિયાત છે.

હા...સૈનિક તાલીમથી રાષ્ટ્રીય એકતાનો પાયો નંખાશે જ એમાં બે મત નથી. કારણ આપના સૌનો અનુભવ પણ એ જ કહે છે, કે અણીના સમયે, આફતના સમયે મિલિટરી-પેરામીલીટરી ફોર્સની મદદ વગર ચાલતું નથી. અર્થાત્ સામાન્ય નાગરીક કરતાં સૈનિક કે અર્ધસૈનિક વ્યક્તિત્વમાં કંઈક વિશેષતા છે. આથી જ દરેક નાગરીકે ફરજિયાત પણે સંપૂર્ણ નહીં તો આંશિક રીતે પણ સૈનિકના ગુણ ધારણ કરવા જોઈએ એવો મત અતિરેક ભર્યો ન ગણાય. આમ, જો કેળવણીની સાથે ફરજિયાત સૈનિક તાલીમનો સમન્વય કરવામાં આવે તો વધુ અસરકારક પરિણામની આશા અસ્થાને ન ગણાય.

જુદા જુદા સમયગાળાની સૈનિક તાલીમ બાબતને તમારા અભિપ્રાયો સહર્ષ આવકાર્ય છે.

email : vsjoshi69@radiffmail.com.

# પ્રેમ

વ્યાકરણની દૃષ્ટિએ પ્રેમ શબ્દ ખૂબ જ સરળ અને ટૂંકો છે. પરંતુ તેનો અર્થ ઘણો વિશાળ છે. ''પ્રેમ'' શબ્દની કોઈ વ્યાખ્યા શબ્દોના માધ્યમ દ્વારા બાંધવી અશક્ય છે. પ્રેમના વિવિધ અર્થ અને સ્વરૂપ આપણે જોઈ શકીએ છીએ. તેમાં ભાઈ બહેનનો પ્રેમ, પતિ-પત્ની વચ્ચેનો પ્રેમ, બે મિત્રનો પ્રેમ, ગુરુ-શિષ્યનો પ્રેમ, માતાપિતાને પોતાના બાળકો પ્રત્યેનો પ્રેમ, દરેક સંબંધમાં પ્રેમની અભિવ્યક્તિ અલગ અલગ જોવા મળે છે.

પ્રેમની કોઈ વ્યાખ્યા પરિભાષા આપવી ખૂબ જ અશક્ય છે. પ્રેમને શબ્દોના ગુંચળામાં ગોઠવવો અશક્ય છે. કારણ કે પ્રેમ શબ્દ જ સ્વયંભૂ વિશાળ અને મહાન છે. પ્રેમને ફક્ત સ્નેહ, વાત્સલ્ય, લાગણી જેવી ઉપમાઓ જ આપી શકાય, પરંતુ તેનો ચોક્કસ અર્થ પ્રગટ કરવો અશક્ય છે. એક પ્રાર્થનાની સુંદર પંક્તિ યાદ આવે છે.

''ઈશ્વર છે પ્રેમ સ્વરૂપ''

ઉપર્યુક્ત પંક્તિમાં પ્રેમને ઈશ્વર સાથે સરખાવવામાં આવ્યો છે. ઈશ્વર મહાન છે. તેમ પ્રેમ પણ મહાન છે. એક પંક્તિ તો તમે સાંભળી જ હશે ''ઢાઈ-અક્ષર પ્રેમ કે પઢે સો પંડિત હોય.'' જીવનમાં ફક્ત પ્રેમ શબ્દને સમજી શકયા તો માની લેવું કે તમારું જીવન ધન્ય થઈ ગયું. જો આપણે પ્રેમ શબ્દને બરાબર સમજી શકીએ તો પછી આપણી પાસે અહિંસા, વફાદારી, મદદની ભાવના, સત્ય જેવા ગુણો આપો આપ આપણા જીવનમાં આવી જાય છે આપણા જીવનની સફળતા માટેની 'માસ્ટર કી' ગુરૂચાવી છે.

આપણા ભારતીય ઈતિહાસમાં પ્રેમના ઘણા ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. પ્રભુ ઈશુ માનવજાતના કલ્યાણ માટે ક્રોસ પર ચઢ્યા, તેમનો માનવજાત પ્રત્યેનો પ્રેમ અદ્‌ભુત છે. કારણ કે માનવજાતના પાપોની મુક્તિ અને તેમનાં ઉદ્ધાર માટે પ્રભુઈશુ બલિદાન આપે છે. ભગવાન રામનો પોતાના માતાપિતા અને પોતાની પ્રજા પ્રત્યેનો પ્રેમ પણ પ્રેમનું ઉમદા ઉદાહરણ ગણી શકાય. કારણ કે માતાપિતાના વચનને પાળવા એક શબ્દ પણ ઉચ્ચાર્યા સિવાય ૧૪ વર્ષના વનવાસનો સ્વીકાર કરે છે. શ્રવણનો પોતાના માતાપિતા પ્રત્યેનો પ્રેમ, મીરાંબાઈનો શ્રીકૃષ્ણ પ્રત્યેનો પ્રેમ એટલો પવિત્ર હતો, તેમના પ્રેમમાં એટલી તાકાત હતી કે રાણાજીએ આપેલ ઝેરને પી જાય છે અને એ ઝેર અમૃત બની જાય છે. નરસિંહ મહેતાનો શ્રીકૃષ્ણ પ્રત્યેનો પ્રેમ, તેમના પ્રેમમાં એટલી બધી તાકાત હતી કે ભગવાનને તેમને ઘણી મુશ્કેલીમાં મદદરૂપ બને છે. શ્રીકૃષ્ણ અને રાધા વચ્ચેનો પ્રેમ યુગોયુગો સુધી ઉત્કૃષ્ટ પવિત્ર પ્રેમની નિશાનીરૂપે જાણીતો છે. રોમિયો-જુલિયેટ-શાહજહાં-મુમતાજ જેવા ઉત્કૃષ્ટ પ્રેમના ઉદાહરણ છે. ગાંધીજી, ભગતસિંહ, સરદાર વલ્લભભાઈ પટેલ જેવા મહાપુરુષોના દેશપ્રેમ કે જેના મીઠા ફળ આજે આપણે ચાખીએ છીએ આજે આપણે આઝાદ ભારતમાં જીવી રહ્યા છીએ.

આજના કૉમ્પ્યુટરાઈઝેશનના ઝડપી યુગમાં પ્રેમ પાગળો થતો જાય છે. પ્રેમ જેવા મહાન અને વિશાળ શબ્દને ગ્રહણ કરવા લાગી ગયું છે. તેથી પ્રેમનું સ્વરૂપ દિવસેને દિવસે પાંગળું બની જાય છે. આજે પ્રેમનું સ્વરૂપ પ્રેમની વ્યાખ્યાને વિપરીત સ્વરૂપ ધારણ કર્યું છે. દેશનેતાઓનો પ્રેમ એટલે સત્તાપ્રેમ, ખુરશીપ્રેમ, માણસ હાલતું-ચાલતું મશીન બની ગયું છે. પૈસા છાપવાનું મશીન માણસ પ્રત્યેનો પ્રેમ આજે પ્રેમમાં પવિત્રતાનું નામોનિશાન જોવા મળતું નથી. પ્રેમ એટલે ફક્ત વાસના, લાલચ, આ સ્વરૂપ જોવા મળે છે. આજના દેશનેતાઓને ફક્ત પોતાની સત્તા પ્રત્યે પ્રેમ જોવા મળે છે. પ્રેમ પ્રેમ વચ્ચે ધર્મના નામે, જાતના નામે, પ્રદેશના નામે ઝઘડા-હુલ્લડ કરાવે છે. તેમનો દેશપ્રેમ એટલે સત્તા ભોગવો, ખિસ્સા ભરો, રામ શ્રવણ જેવા મહાપુરુષોનો તેમના માતા- પિતા પ્રત્યેનો પ્રેમ અને આજે પુત્ર તેમના માતાપિતાને વૃદ્ધાશ્રમમાં ધકેલે છે.

આજે સમાચારપત્રોમાં આપણે વાંચીએ છીએ કે પુત્રએ માતાપિતાની હત્યા કરી, તેમને ખૂબ માર માર્યો. રામલક્ષ્મણનો ભાતૃપ્રેમ જેમાં લક્ષ્મણ પોતાના મોટાભાઈની માટે ૧૪ વર્ષ વનવાસ જવા તૈયાર થાય છે. આજે એક ભાઈ જમીન-મિલકત માટે બીજા ભાઈ સાથે ઝઘડા કરે છે. સુદામા શ્રીકૃષ્ણની મિત્રતા સદીઓથી આદર્શ મિત્રતાનું પ્રતિક છે. આજે મિત્રતા સ્વાર્થ, એક મિત્ર સ્વાર્થ ખાતર પોતાના મિત્રનું અહિત કરવું. એક ક્ષણ પણ વિચારવાની તસ્દી લઈ શકતો નથી. જ્યાં પ્રેમ હોય ત્યાં વહેમ ન હોય જ્યારે આજે આપણે દરરોજ સમાચારપત્રોમાં વાંચીએ છીએ એક પતિએ પોતાની પત્નીના ચારિત્ર્ય અંગે શંકા હોવાથી તેની ક્રૂર હત્યા કરી. ક્યાં છે આજે પ્રેમ ? આજનો પ્રેમ એટલે વાસના ! આપણા દેશમાં બળાત્કારના કિસ્સા વધતા જાય છે. આજના વિકાસશીલ યુગમાં પ્રેમ એટલે વાસના.

મનુષ્યએ જ્ઞાન, વિજ્ઞાન, શિક્ષણ, મોડેલ ક્ષેત્રે ઘણી પ્રગતિ પ્રાપ્ત કરી છે. મનુષ્ય પોતાના જીવનને ભૌતિક સુખ સગવડોથી સજ્જ કરી શકયો નથી પરંતુ માનવમૂલ્યોનું અધઃ પતન થયું છે. આજે કજીયા-કંકાસ, ખૂન, અત્યાચાર, વગેરેનું પ્રમાણ વધી રહ્યું છે. 'પ્રેમનું' શસ્ત્ર જ આ બધી બદીઓને દૂર કરવાનું બ્રહ્માસ્ત્ર સાબિત થઈ શકે. કારણ કે પ્રેમ દ્વારા જ સદાચાર, નીતિમય, સદ્‌ભાવના, લાગણી, વફાદારી વગેરે જેવાં સદ્‌ગુણોનું સર્જન થઈ શકે, કારણ કે જ્યાં પ્રેમ હોય ત્યાં સ્નેહ, લાગણી સદ્‌ભાવના હોય અને જ્યાં સ્નેહ, સદ્‌ભાવના હોય ત્યાં સંબંધની મીઠાશ હોય, આમ ''વસુધૈવ કુટુંબકમ'' આખું વિશ્વ એક કુટુંબની ભાવના પ્રેમ દ્વારા જ શક્ય બની શકે.

'' Love is God ''

પરમાર ઉર્વશીબેન મનુભાઈ
એસ.વાય.બી.એ, રોલ નં. ૫૩

## For Knowledge

* ટેક્નોલોજીના ક્ષેત્રે થયેલી અમુક શોધોને માનવજાત ભલે મૌલિક ગણાવે, પરંતુ કુદરત એવી શોધો વર્ષો પહેલાં કરી ચૂકી છે. ઈ.સ. ૧૭૮૩ માં પહેલીવાર સફળ રીતે અજમાવાયેલી પૅરાસૂટનો દાખલો છે. શેમળાની જેમ ડેન્ડિલિયન નામનો છોડ પોતાનું બીજ પ્રસારણ નેચરલ પેરાસૂટ વડે કરે છે. પેરાસૂટનાં ગુંબ[illegible] કામ આપતા રેસાદાર ગુચ્છા નીચે લાંબી દાંડી હોય અને દાંડીના છેડે બીજી હોય, જે પેરેસૂટના જમ્પરની માફક જ પહેલાં લેન્ડિંગ કરે છે.
* અલ્ટ્રા સોનિક, સાઉન્ડ વડે દુશ્મન સબમરિનની હાજરી પારખી લેતુ આધુનિક સોનાર બીજા વિશ્વયુદ્ધમાં શોધાયું. પરંતુ શિકારની ખોજ માટે એ કામ ચામાચીડિયાં અને ડોલ્ફિન લાખો વર્ષથી કરતાં આવ્યા છે. અશ્રાવ્ય અવાજનાં મોજાં રવાના કર્યા બાદ રિફલેકટેડ મોજાં તેઓ ભક્ષણનું દિશા તથા અંતર જાણી લે છે.
* દુનિયાનું પહેલુ જેટ એન્જિન બ્રિટનના ફ્રેન્ક હીટલે ૧૯૪૧ માં બનાવ્યું. ઓકટોપસ જોડે સગપણ ધરાવતો સમુદ્રિ રંગારો / Squid આદિકાળથી જેટ પ્રોપલ્ઝન સિસ્ટમ વાપરે છે. ફોરવર્ડ ગતિ માટે તે પોતાના નળાકાર શરીરમાં પાણી ભરી વેગપૂર્વક પાછળ ધકેલે છે. એકસન-રિએકશનના સિદ્ધાંત મુજબ પોતે આગળ તરફ ધકેલાય છે. રિવર્સમાં જવું પણ તેના માટે સહજ કાર્ય છે. માનવસર્જિત જેટ એન્જિનમાં તે શક્ય નથી.
* કેટલાક રોકેટોમાં બળતણ તરીકે હાઈડ્રોજન પેરોકસાઈડ ($H_2O_2$) વપરાય છે. બોમ્બાર્ડિયર બીટલ નામના ઢાલિયા જીવડા માટે [illegible] જૂનીપૂરાણી વાત છે. આ જીવડું પોતાની 'દ[illegible] ચેમ્બર' માં હાઈડ્રોજન પેરોકસાઈડ સ[illegible] હાઈડ્રોક્વિનોન ભેળવી ૮૦°C તાપમાને ગ[illegible] ધુંકારો ફેંકી કાચિંડા જેવા શત્રુને દઝાડે છે. એ[illegible] જ નહિં. પણ એ કુદરતી રોકેટના નાળ[illegible] લિકિવડ ફયુલ રોકેટની નીઝલ પેઠે ગ[illegible] દિશામાં વાળી શકે છે.
* સાઈબિરિયામાં કુદરતી ઉજાસના અભાવે [illegible] વર્ષના છ એક મહિના પૂરતો ઔદ્યોગિક પ્ર[illegible]

ટેમ્પો ફરજિયાત ઘટાડી દેવો પડે છે. દા.ત. વર્ષો પહેલાં ધ્રાસ્તક નામનો બંધ ચણાવા માટે સામ્યવાદી મોસ્કો સરકારે ૨૬,૦૦૦ ઈજનેરોને તથા કારીગરોને રોક્યા તો પણ નોર્મલ સંજોગો વચ્ચે ચાર વર્ષો આ ટોપી શકાતો એ પ્રોજેક્ટ સાડા સાત વર્ષે પુરો થયો. બાંધકામનો ખર્ચ પોણા બે ગણો વધારે આવ્યો, કારણ કે લાંબી રાતોનો બ્લેક આઉટ દરેક કાર્યને ધીમો પાડી દેતો હતો.

- પટેલ રવિ બી. (ટી.વાય.બી.એસ.સી.)
રોલ નં. ૧૬

## કહું તો કોને કહું – સાંભળે છે કોણ ?

હું ભાઉ થોરાત, જેને લોકો પ્રવકતા તરીકે [...]ે છે. કેટલાક લોકોજ માને છે. કેટલાક લોકોજ કેમ માને છે ? એનો સીધો જવાબ છે. મારી વાતો **"એક લવ્યના તીર"** જેવી છે જે સીધા નિશાના પર વાગે છે અને આવી વાતો દરેકના મગજમાં પૂરી ઘૂસતી નથી અને મગજમાં ઉતરે તો પણ બધા તેને માનતા નથી કારણ કે બધાને પોતાના ગાંડપણ અને મુરખામી પર જરૂર કરતા વધારે ભરોસો હોય છે. સમાજની સામે બોલવું એક કળા છે કારણ કે **"પ્રવક્તા"** કથાકાર જ્યાં પણ સતસંગ કરે છે. એ એક કળા **(એકટીંગ)** છે. ભગવા કે સફેદ કપડાં પહેરવાથી માનવી સાધુ કે સાધ્વી બની શકતો નથી. કપડાં તો ફક્ત માલનું પેકીંગ છે. પરંતુ તમારા વિચાર સરળ હોવા **"સાધુતા"** છે. ઉમર વધે છે એટલે શરીર વધે છે અને કદાચ બુધ્ધિ પણ વધતી હશે, પણ અક્કલ વધવાની શક્યતા નથી. બુધ્ધિ અને અક્કલ વચ્ચે મોટું અંતર છે. બુધ્ધિ કંઈ પણ [...] શકે છે, પણ અક્કલ ફક્ત સરળતાપૂર્વક જ નિર્ણય લેશે. એટલે લોકો કહે છે અકકલથી કામ લેતા શીખો. અક્કલ આવવાની જોડે ઉમરને કશી લેવા દેવા નથી હોતી. પણ ઉમર વધવાથી અક્કલ આવવી જોઈએને ? પરંતુ કેટલાક લોકોએ અક્કલની સાથે જાણી જોઈને છૂટાછેડા લઈ લીધા છે. "ચીતા" પર જવાનો સમય આવ્યો છતાં પણ ચિંતા છુટતી નથી. અક્કલથી કામ કરશો તો શાંતિ જરૂર મળે છે. પરંતુ બુધ્ધિથી કામ કરશો તો અશાંતિ સિવાય કશુંજ મળશે નહીં.

લોકો પોતાના દુઃખોથી એટલા બધા દુઃખી નથી એના કરતાં બીજાના સુખથી વધારે દુઃખી છે, બીજાના દુઃખને દુઃખ માનવા માટે મોટા દિલની જરૂર હોય છે. અમે લોકો "ધાર્મિક" કે "આધ્યાત્મિક" કેમ બનીએ છીએ ? ફક્ત ત્રણ કારણસર અમે લોકો ધાર્મિક બનીએ છીએ. પરંતુ કારણ છે પરંપરા, બીજુ કારણ છે "ડર", અને ત્રીજુ ને મહત્વનું કારણ છે "લાલચ". લોકોએ ધક્કો માર્યો છે, એ અનુસાર આપણે મન્દિર, મસ્જીદ, ચર્ચ અને ગુરૂદ્વારા પર ચક્કર લગાવીએ છે, આખી દુનિયા ઝૂકે છે અને આપણે ડરીએ છીએ અને લાલચ અમારો જન્મસિધ્ધ અધિકાર છે. સરકારી બસમાં પાછળના ભાગમાં એક બારી હોય છે જે કોઈ દૂરઘટના સમયે ઉપયોગ કરવાનો હોય છે. આ મંદિરો અને મસ્જીદો અને આશ્રમોની કિંમત આનાથી મોટી નથી.

જેના જીવનમાં ઈશ્વર પ્રત્યેની "આસ્થા" છે, પરમાત્માનો ડર નથી, અને પોતાના માટે કોઈ લાલચ પણ ન હોય. એના કારણે એ લોકો સરળતાથી જીવન જીવ્યા, એ લોકોને આપણે **"સંત"** કહીએ છીએ, જોત જોતામાં આવા માણસો **"ભગવાન"** બની જાય છે. અહીંયા જિંદગી કપાઈ જાય છે. સારા માણસ બનતા-બનતા. ઘડપણમાં લોકો વાંકા વળીને કેમ ચાલે છે ? કોઈ પગથી જાય તો કોઈ કાનથી કે આંખથી, આખી ગાડી બ્રેકફેલ થઈ જાય, જેને વીસ ફૂટનો રસ્તો પણ ઓછો પડે છે, જે ચાલતી વખતે બ્રેકડાન્સ કરતો હોય તો કોઈ ડિસ્કો રસ્તો હોય તેમ ચાલે છે. આ વાંકા ચુંકા ચાલવાનું એક જ કારણ છે, આ પોતાની જવાનીમાં કદી **સીધા ચાલ્યા** નથી. પાપ અને પુણ્યનો હીસાબ લગાવવો બહુજ કઠીન છે. ઈતિહાસનાં પાને ચોક્કસાઈથી ખોલી જોઈએતો જે લોકો સરળ રીતે ચાલ્યા છે અને પોતાના આશીર્વાદથી **આખી દુનિયાને રસ્તો બતાવ્યો,** તેમનાજ નામથી અને જાપથી આજે પણ દુનિયા ચાલે છે, પણ તેમનો **"અંત"**, સારો હોતો નથી. મા-બાપની **સેવા કરવાવાળો શ્રવણ** આજે પણ ધરતી પણ દેખાતો નથી, પરંતુ તેમનો અંત બીલકુલ પશુની માફક થયો, મા-બાપની સેવા કરવાવાળાની દશા જો આવી હોઈ શકે છે તો મા-બાપકો **વૃધ્ધાશ્રમ** બતાવવા વાળા અને મારવા વાળાનો આ કેટલો ભયાનક હશે ? તીર્થ સ્થળો પર અને ગંગા ઘાટ પર બેસવાવાળા બધા **પુણ્યઆત્માઓ** નથી તે તો ફક્ત **પરેશાન આત્માઓ** છે. વૃદ્ધ મંદિરમાં સુવે છે એનો મતલબ એ ના સમજવો કે તે બહુ **ધાર્મિક વ્યક્તિ** છે, પણ તેમના માટે ઘરમાં જગ્યા ખાલી નથી,બહુ બોલે છે, બીમાર ડોસા બહુજ ઉધરસ ખાય છે, બીડી પીવે છે એટલે અમે ઘરમાં સુવા દેતા નથી.

જેની પોતાના કુટુંબ સાથે ફાવતું હોય, **પડોશી** સાથે બનતું હોય, **સગા-સંબંધી** સાથે બનતું હોય, તેવા લોકોએ **મંદિર** જવાની જરૂર નથી. તેઓને ભગવાન સાથે આપમેળે મેળાપ થઈ જશે. જેને આ બધા સાથે વાત બનતી નથી તેઓ પણ મંદિર જવાની જરૂર નથી, **ભગવાન સાથે કોઈને પણ બની શકતું નથી.** તીર્થ-સ્થળો પર જઈને પણ ઘરે ફોન કરીને પુછીએ છીએ કે કાલની તારીખમાં શું થયું ? વકીલને હવે પછીની કઈ તારીખ આપી ? તમારા તીર્થો પર જવાનું બેકાર છે, તમારે ઘરમાં જ રહેવું જોઈએ. જો તારીખ તમારા સગા ભાઈ સાથે ચાલે છે, જો તમારા ભાઈ સાથે તમારે ના બનતુ હોય તો ભગવાની સાથે કેવી રીતે બની શકશે ? (હીન્દીમાંથી ગુજરાતી અનુવાદ કર્યો, પરેશ આર.પટેલ)

## થેલેસેમિયા મેજર જીવલેણ રોગ છે !

આજના યુગમાં સામાન્ય વ્યકિતને પણ પૂછવામાં આવે કે સૌથી જીવલેણ રોગ કયો છે ? ૯૦% વ્યક્તિઓનો પ્રતિભાવ હશે કેન્સર અને એઈડ્સ.

પરંતુ કેન્સરનો ઈલાજ શક્ય છે. ત્રીજો જીવલેણ રોગ છે, 'થેલેસેમિયા મેજર.' થેલેસેમિયા ના બે પ્રકાર છે. :
(૧) થેલેસેમિયા માઈનોર અને (૨) થેલેસેમિયા મેજર

થેલેસેમિયા માઈનોર વ્યક્તિ એક સામાન્ય વ્યક્તિ જેવું જીવન જીવી શકે છે. તેને કોઈપણ તકલીફ અનુભવવી પડતી નથી. પરંતુ, થેલેસેમિયા માઈનોર વ્યક્તિના લગ્નોના પાર્ટનર પાન થેલેસેમિયા મેજર હોય તો તેમના બાળકોને થેલેસેમિયા મેજરના લક્ષણો હોવાની શક્યતા રહે છે. તેથી લગ્ન પહેલાં આ પરીક્ષણની ખૂબ ખૂબ જરૂર છે. જો વ્યક્તિ થેલેસેમિયા માઈનોર હોય તો તે લગ્ન તો કરી શકે છે. પરંતુ તેના લાઈફ પાર્ટનર નોર્મલ હોવો ખૂબજ જરૂરી છે.

થેલેસેમિયા માઈનોર અને થેલેસેમિયા મેજર બંને આનુવંશિક ખામીથી થાય છે.

થેલેસેમિયા મેજર બાળક જન્મથી ઉણપના કારણને પૂરાત રક્તકણો બનાવી શકતું નથી. જન્મ પછી આ બાળ એનેમિક થઈ જાય છે. તે ફિક્કું પડી જાય છે. સુકાતું જાય છે. ખાધેલું ઓકી કાઢે છે, તે લોહી આપ્યા વિના બચતું નથી. લોહી આપવાથી લોહતત્વનું પ્રમાણ શરીરમાં વધી જાય છે. લીવર પહોળુ થવા માંડે છે.

થેલેસેમિયા મેજર બાળકોને "DESFERAL" ઈન્જેકશન આપવા પડે છે. એક ઈન્જેકશન આપતાં આઠ કલાક લાગે છે, સપ્તાહમાં પાંચ આવા ઈન્જેકશન પેટમાં કે પગમાં આપવા પડે છે. એક ઈન્જેકશનની કિંમત ૨૧ રૂા. છે. આટલો ખર્ચ કર્યા પછી પણ દશથી વીસ વર્ષ સુધીમાં બાળક મૃત્યુ પામે છે.

આ તકલીફોમાંથી બચવા થેલેસેમિયાનું પરીક્ષણ કરાવવું ખૂબ જરૂરી છે. આપણી કોલેજ તરફથી ચાલતાં ૮ ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી આ રોગના પરીક્ષણનો લાભ લેવો જોઈએ.

- પટેલ તુલસી કે (એમ.એ.પાર્ટ-૧) રોલ નં. ૫૪

## પ્રેમ અને ગુસ્સો
### (ગુસ્સાને અને પ્રેમને સીમા નથી હોતી)

એક માણસ પોતાની નવી કાર ને સાફ કરી રહ્યો હતો. તેમાં ચાર વર્ષનાં દીકરાએ હાથમાં પથ્થર લઈને કાર પર લીસોટા કર્યાં. જેથી તે માણસનો ગુસ્સો બે કાબુ બન્યો. તેનાં હાથમાં જે કોઈ લોખંડનું સાધન આવ્યું. તેનાથી પોતાના દીકરા ના હાથ પર ઘા પર ઘા કર્યાં.

આગળ જતા, હોસ્ટિપલમાં તો તેઓ પહોંચ્યા, પણ દીકરાની આંગળીઓનાં અગણિત ટુકડાં થઈ ગયા હોવાથી તે કાંપી નાખવી પડી. પિતાના ચહેરા પર વેદનાં વાંચતાં આ ચાર વર્ષના દિકરાએ પિતાને પૂછયું. " પપ્પા મને નવી આંગળીઓ ક્યારે આવશે ? "

• દુઃખી પિતા નિરુત્તર રહ્યા.

તે માણસ ઘેર ગયા, પોતાની આ નવી કારને પુષ્કળ લાત મારી, અને જે લીસોટાં દિકરાં એ કર્યાં હતાં તેના પર નજર પડી તો તેણે લખ્યું હતુંઃ

"પપ્પા હું તમને પ્રેમ કરું છું."

જેથી તે માણસ પોતાની વર્તણૂંકનું પરિણામ સહન ન થતાં તેણે આપઘાત કર્યો.

સાચે જ - ગુસ્સા ને અને પ્રેમને સીમા નથી હોતી. હંમેશા યાદ રાખો - વસ્તુઓ વાપરવા માટે હોય છે. અને વ્યક્તિઓને પ્રેમ કરવાનો હોય છે, પણ આજની દુનિયામાં, લોકોને છેતરવામાં આવે છે, અને વસ્તુઓને પ્રેમ કરવામાં આવે છે.

**ડાભી ચિરાગ એમ.એ.પાર્ટ-૨ રોલ નં.૮**

## યાદ

ના કહીને આવે છે.
રોજનું એ બહુ સતાવે છે.
તુટેલા કેટલાક રસ્તાઓ
એ ત્યાં જઈને પહોંચાડે છે.
મનનું કયાં માને છે.
એની જ, વાત સમજાવે છે
ફરતી નથી ક્યારેય, ફરી-ફરી આવે છે.
કાગળ જેમ ઉડે છે. પવનમાં
આમ, એ એના જ સંદેશા લાવે છે.
તોડી નાખે છે આ દિલને,
એ જયારે યાદ આવે છે.
કોઈ નથી સાંભળતું ફરિયાદ
એ ફરી ફરી યાદ આવે છે.
ના કહીને એ આવે છે.

**- પટેલ તુલસી પી.(એમ.એ.પાર્ટ-૧) રોલ નં.૫૪**

***હૃદયની કોઈ જ ભાષા હોતી નથી.***
***હૃદય હૃદયથી જ વાતચીત કરે છે.***

## "પાછું આપી દો !"

" પાછું માગું છું. જે લીધું તમે.
પાછું આપી દો ! "

"શેરીના ચોકમાં શોધ્યા કરું છું.
ને જૂના ઘરમાં શોધું છું.
મારું શૈશવ મને,
પાછું આપી દો ! "

" નાનપણથી નાની-નાની વાતે.
સતાવ્યો છે, મને લોકોએ.
અને મોટો કહ્યો છે.
આ મોટાપો લઈ લ્યો પણ.
મારું શૈશવ મને,
પાછું આપી દો ! "

"શાહુકારોને કહી દઉં છે.
જે સહ્યું છે, મેં તે સહિ તો જુઓ,
પછી કરો શાણપણ. પણ
મારું શૈશવ મને,
પાછું આપી દો ! "

**મકવાણા સુનિલ એસ. (ટી.વાય.બી.એ.) રોલ નં.૯**

## જિંદગી એક ચીજ

જિંદગી એક ચીજ છે,
જો સમજો તમે તો ગીત છે.
જિંદગીમાં સુખ મળે કે દુઃખ
એજ કર્મની રીત છે.
જિંદગી જો શકો તમે જીરવી
તો હારમાં પણ જીત છે.
પંથે અંધ થઈ ના ચાલશો તમે
કે હારમાં પણ મીત છે.
જિંદગી જો જીવ ભેદી તમે
તો હર શખ્શ મનમીત છે.

## જીવન

જીવન એક ડાયરી છે,
ડાયરીમાં શાયરી છે.
શાયરીમાં વીરતા છે.
વીરતા માં શ્રદ્ધા છે.
શ્રદ્ધામાં વિશ્વાસ છે.
વિશ્વાસમાં વ્યક્તિ છે.
ભક્તિમાં શક્તિ છે.
શક્તિમાં વિદ્યા છે.
વિદ્યામાં ગુણ છે.
ન લેવી તે ભુલ છે.

**મકવાણા મહેશ આર. (એફ.વાય.બી.એ.)**
**રોલ નં. ૧૨૭**

## ચા-કોફીમાં દસ પ્રકારનાં ઝેર

૧) ચાના એક પ્યાલામાં ૧૮% ટેનિન નામનું વિષ હોય છે. એના દુષ્પ્રભાવથી પેટમાં ચાંદા થાય છે.
૨) આમાં રહેલાં બીજા વિષનું નામ છે, 'થીન' એની માત્રા ૩% જેટલી હોય છે.- એનાથી ખુશ્કી ચડે છે. તથા ફેફસમાં અને મગજમાં ભારેપણું પેદા થાય છે.
૩) ત્રીજા વિષનું નામ છે 'કેફીન'. એની માત્રા ૨. ૭૫% હોય છે. શરીરમાં અમ્લ (Acid) બનાવે છે. તથા કીડનીને કમજોર કરે છે.
૪) એનો 'વોલેટાઈલ' નો દર્ગુણ આંખો ઉપર હાનિકારક પ્રભાવ પાડે છે.
૫) કાર્બોનિક અમ્લથી એસીડિટી થાય છે.
૬) 'પેમિન' થી પાચનશક્તિ કમજોર થાય છે.
૭) 'એરોમોલિક' આંતરડામાં રોગ પેદા કરે છે.
૮) 'સાઈનોજન' થી અનિદ્રા તથા લકવા જેવી ભયાનક બીમારીઓ પેદા થાય છે.
૯) 'ઓકસેલીક અમ્લ' શરીર માટે અત્યંત હાનિકારક છે.
૧૦) 'સ્ટિનાયલ' નામનું દસમું વિષ રક્તવિકાર અને 'નપુંસકતા' પેદા કરે છે.

## પુરાણ કેટલા ?

પુરાણ અઢાર છે.
(૧) અગ્નિ (૨) કર્મ (૩) શિવ (૪) સ્કન્દ (૫) વરાહ (૬) ગરુડ (૭) નારદ (૮) પદ્મ (૯) વામન (૧૦) વિષ્ણુ (૧૧) વાયુ (૧૨) બ્રહ્મ (૧૩) મત્સ્ય (૧૪) ભાગવત્ (૧૫) બ્રહ્મવૈવર્ત (૧૬) લિંગ (૧૭) માર્કન્ડેય (૧૮) ભવિષ્ય

**- ચૌહાણ પ્રભાબેન સી. (ટી.વાય.બી.એ.) રોલ નં. ૩૬**

## ચારનું મહત્વ...

**૧) ચાર બાળ બ્રહ્મર્ષિ :-**
૧) સનક ૨) સનંદન ૩) સનાતન ૪) સનતકુમાર

**૨) ચતુરંગિણી સેના :-**
૧) હયદળ ૨) હસ્તિદળ ૩) રથદળ ૪) પાયદળ

**૩) ચાર પ્રકારની સ્ત્રી :-**
૧) પદ્મિની (ઉત્તમ) ૨) ચિત્રિણી (ચતુર) ૩) હસ્તિની (સ્થૂલ) ૪) શંખિણી (અધમ)

**૪) કુંભમેળાનાં ચાર સ્થાન :-**
૧) પ્રયાગ (અલાહાબાદ) ૨) હરદ્વાર ૩) ઉજ્જૈન ૪) નાશિક

## પ્રાણીઓ અને પક્ષીઓની વિશેષતા

૧) સૌથી વધુ જીવનાર પ્રાણી :
કાચબો (૨૫૦ વર્ષ)
૨) સૌથી હલકુ પ્રાણી : એમેઝોન જંગલનો બંદર
૩) કાન ન હોય તેવું પ્રાણી : સાપ
૪) સૌથી મોટું પ્રાણી : વ્હેલ માછલી
૫) સંગીત પ્રિય પ્રાણી : ડુક્કર (પીગ)
૬) ભારે શરીર છતા ઝડપી દોડી શકતું પ્રાણી :
જંગલી પાડો
૭) માનવીની માફક રડતું પ્રાણી : રીંછ
૮) સૌથી હિંસક પ્રાણી : વાઘ
૯) સૌથી મોટો કૂતરો : વુલ્ફ
૧૦) સૌથી વધુ રંગીન પક્ષી : પીઠા
૧૧) સૌથી નાનું પક્ષી : હર્મીંગ-બર્ડ
૧૨) લાંબા અંતર સુધી ઉડનારું પક્ષી :
આર્ટિક ટર્ન
૧૩) ઝડપથી ઊડનારું પક્ષી : ફ્રિગેટ
૧૪) સૌથી મોટું ઈંડુ મૂકનાર પક્ષી : શાહમૃગ

- ચૌહાણ પ્રભાબેન સી. (ટી.વાય.બી.એ.) રોલ નં. ૩૬

## ફક્ત એક મિનિટમાં...

૧) મનુષ્યનું હૃદય ૭૨ વાર ધબકે છે.
૨) ઘોડો ૧૨ વાર શ્વાસ લે છે.
૩) પૃથ્વી પોતાની ધરી પર ૨૭.કિ.મી. અંતર કાપે છે.
૪) પૃથ્વી ૧૭૩૭ કિ.મી.ની ઝડપથી સૂર્યની આસપાસ ફરે છે.
૫) અવાજ ૧૨ માઈલની સફર કરે છે.

- રૂત્વી ડી. પટેલ, એફ.વાય.બી.એ., રોલ નં. ૬૯

## આપણા મૃત્યુ પછી કોણ કેટલું જીવે છે ?

૧) મગજ ૨૦ મિનિટ
૨) હાથપગ ૪ દિવસ
૩) કાન ૧ મિનિટ
૪) હાડકા ૩ દિવસ
૫) આંખ ૩૦ મિનિટ
૬) ચામડી ૫ દિવસ
૭) હૃદય ૨૦ મિનિટ
૮) રક્ત કોષો ૨૮ મિનિટ

**ન છુટે જિંદગીનો છેલ્લો શ્વાસ જીવતા**
**જીવ રાખવો મીઠી આશ**
**સંબંધ છે જ્યાં સુધી ઉઘાડી આંખ**
**મર્યા બાદ કહેશે જલ્દી કાઢો ઘરમાંથી લાશ**

## આજનો વિદ્યાર્થી

આજના વિદ્યાર્થી પાસે જીવનનું કોઈ ધ્યેય નથી. કોઈ મહત્ત્વાકાંક્ષા નથી. તેમનામાં પુરુષાર્થનો અભાવ અને અજંપો દેખાય છે. તેમને બધુ રાંધેલુ તૈયાર જોઈએ છીએ. જો કોઈ મોઢામાં કોળિયાં મૂકે તો હાથ પગ ચલાવવાની પણ ઈચ્છા થતી નથી. આવા પાંગળા અને નિઃસ્તેજ વિદ્યાર્થીઓ આજના સમાજ માટે બોજારૂપ છે.

વિદ્યાર્થીઓએ સમજવું જોઈએ કે હિમાલય ઊંચો છે. એટલા માટે જ તેના પર ચડવું પરાક્રમ ગણાય. પણ ગામના ઊકરડા કે ટેકરીમાં ચડવાની શું બહાદુરી ? કામ અઘરું તો છોડી દેવાનું શા માટે ? એ આમ જ હોય તો આપણે ચંદ્રલોક સુધી પહોંચી શકયા હોત. માણસની પાસે કામ કરાવનાર બળ તેનું ધ્યેય છે. વાંચવાની શક્તિ જેટલી માર્ચમાં છે. તેટલી જ જૂનમાં છે. પણ જૂનમાં ધ્યેય મોળું હોય છે. જયારે માર્ચમાં તે તીવ્ર બને છે.

આજનો વિદ્યાર્થી કોલેજમાં આવે છે, પણ શા માટે આવે છે, એ પ્રશ્નનો જવાબ આપી શકતો નથી.

- પપ્પા મોકલે છે એટલે આવીએ છીએ.
- બધા આવે છે. એટલે આવીએ છીએ.
- ડિગ્રી જોઈએ છે. એટલે આવીએ છીએ.

આ સાચો જવાબ નથી. માટે કયાં જવાનું છે: શું કરવાનું છે ? એનું સ્પષ્ટ ચિત્ર વિદ્યાર્થીઓ પાસે હોવું જોઈએ, શિક્ષક અને માતા પિતાએ વિદ્યાર્થીને આ દિશામાં વિચારતો કરવાનો છે. જો એને અભ્યાસનું મહત્ત્વ સમજાશે, તો જ ધ્યાન આપશે અને ત્યાર પછી જ વર્ગમાં ઉત્સાહપૂર્વક વાતાવરણ સર્જાશે.

- રૂત્વી ડી. પટેલ, એફ.વાય.બી.એ., રોલ નં. ૬૯

## ભૌગોલિક ઉપમા

| | | |
|---|---|---|
| ધામિર | - | દુનિયાનું છાપરું |
| સિયામ | - | સફેદ હાથીઓની ભૂમિ |
| જયપુર | - | ગુલાબી નગર |
| દિલ્હી | - | સાત રાજયની રાજધાની |
| ડેટ્રોઈટ | - | મોટરની રાજધાની |
| રોમ | - | સાત ટેકરીનું શહેર |
| કાશ્મીર | - | પૃથ્વીનું સ્વર્ગ |
| અમદાવાદ | - | ભારતનું માન્ચેસ્ટર |
| હોલેન્ડ | - | નીચી જમીન |
| જાપાન | - | ઉગતા સૂર્યનો પ્રદેશ |

- રૂત્વી ડી. પટેલ, એફ.વાય.બી.એ., રોલ નં. ૬૯

## જાણો...

જે પોતાના બાળપણ અને જુવાનીમાં અભ્યાસ પ્રત્યે બેદરકારી રાખે છે તે ભૂતકાળને ખોઈ બેસે છે અને ભવિષ્યને હારી બેસે છે.

નાનકડું છિદ્ર મોટા વહાણને પણ ડુબાડી દે છે. માટે નાનકડી ક્ષતિ પણ તમારા જીવન નાવને ડુબાડી ન દે એટલું સાચવજો.

બે વસ્તુ વગર ચાલશે...
સત્તા અને મહત્તા.
બે વસ્તુ વગર નહિ ચાલે...
મમતા અને માનવતા.

## કોનું શું ?

| | | |
|---|---|---|
| ગુરુભક્તિ | - | એકલવ્યની |
| પુત્ર-પ્રેમ | - | બાબરનો |
| સત્ય | - | હરિશચંદ્રનો |
| ડાયરી | - | મહાદેવભાઈની |
| દેશભક્તિ | - | ભામાસાની |
| હેત | - | માતાનું |
| બાણ | - | રામનું |
| ક્રોધ | - | દુર્વાસાનો |
| હઠ | - | બાળહઠ |
| દાન | - | કર્ણનું |
| શીલ | - | સતીનું |
| માતૃપ્રેમ | - | ભારતનો |
| ધર્મ | - | યુધિષ્ઠિર |
| ધર્મ સહિષ્ણુતા | - | અકબરની |

- રૂત્વી ડી. પટેલ, એફ.વાય.બી.એ., રોલ નં. ૬૯

## What is Election

આ છે Election
કરો એવું Selection
વિના કોઈ Tension
ગમે તે હોય Section
જો તમે સાચાં છો Citizen
તો કોઈ નથી Restriction
બસ કરો એવું Creation
રાખી મનમાં Concentration
રાજયનું થાય સારું Erectin Crection
ઊભી કરો એવી Situdtion.
કે સો કોઈ કરે Appreciation
Wow ..... its mission Election.

- રૂત્વી ડી. પટેલ, એફ.વાય.બી.એ., રોલ નં. ૬૯

# સમયનું મહત્ત્વ

જો તમારે એક વર્ષની કિંમત સમજવી હોય તો એક ધોરણમાં નાપાસ થયેલ વિદ્યાર્થીને પૂછો
જો તમારે એક મહિનાની કિંમત સમજવી હોય તો સમય પહેલા બાળકને જન્મ આપેલ માતાને પૂછો
જો તમારે એક સપ્તાહની કિંમત સમજવી હોય તો
જો તમારે એક કલાકની કિંમત સમજવી હોય તો પ્રિયજનની રાહ જોઈ રહેલ વ્યક્તિને પૂછો.
જો તમારે એક મિનિટની કિંમત સમજવી હોય તો ટ્રેન ચૂકી ગયેલ વ્યક્તિને પૂછો.
જો તમારે એક સેકન્ડની કિંમત સમજવી હોય તો અકસ્માત થતાં રહી ગયો હોય તેવી વ્યક્તિને પૂછો
જો તમારે મિલિ સેકન્ડની કિંમત સમજવી હોય તો ઓલોમ્પિકમાં બીજા નંબર આવેલ રમતવીરને પૂછો.

* * *

વસંતમાં ના ખીલ્યાં
તે પાનખરમાં શું ખીલવાના
આખું વરસ રખડયાને
ત્રણ કલાકમાં શું લખવાના

# Proverbs(પ્રોવર્બ્ઝ):કહેવતો

૧) **A drowning man catches at a streaw.**
દૂબતો માણસ તણખલાને ઝાલે.

૨) **An empty vessel makes much noise.**
ખાલી ચણો વાગે ઘણો.

૩) **Many hands make light work.**
ઝાઝા હાથ રળિયામણા

૪) **Too many cooks spoil the broth.**
ઝાઝી સુયાણીએ વેતર વંઠે,
ઝાઝા રસોઈયા રસોઈ બગાડે.

૫) **When the cat's away the mice will play.**
બિલાડી બહાર હોય ત્યારે ઉંદર રમે

૬) **Make hay while the sun shines.**
લાભ મળતો હોય તો લઈ લો.

૭) **Example is better than percept.**
ઉપદેશ કરતાં આચરણ વધુ સારું.

૮) **All work and no play makes Jack a dull boy.**
બિલકુલ રમતગમત વિનાના સતત અભ્યાસલક્ષી વિદ્યાર્થી ઠોઠ થઈ જાય છે.

૯) **Charity begins at home.**
દાનની શરૂઆત ઘરથી થાય.

૧૦) **Barking dogs seldom bite.**
ભસતા કૂતરા ભાગ્યજ કરડે.

- એકતા પી. પટેલ, એફ.વાય.બી.એ.,રોલ નં.૩૭

# મંગલપર્વે

હે યોગેશ્વર ! મંગલ પર્વે આટલું માગું તવક્ષી,
ભર્યું ભર્યું હો જીવન મારૂં વિશુદ્ધ સંકલ્પોથી !
પવિત્ર વાણીથી નિશદિન આ મહેકે મુખડું મારું,
શુધ્ધ કરી સંકલ્પો, ખીલવું જીવન ફૂલડું ન્યારું,
શક્તિ-પૂર્ણ કૃતિ કરવા હું માગું આશિષ તવથી
- ભર્યું ભર્યું...

ગમા-અણગમાથી પર થઈને સૌ માનવ સત્કારૂં,
પ્રભુ તણો છે અંશ સકલ, ના કોઈને ધિક્કારૂં !
નિઃસ્વાર્થ હું પ્રેમ વહાવું, માગું આશિષ તવથી !
- ભર્યું ભર્યું...

દોષ નહિ પણ ગુણ-શોધનની દષ્ટિ દે જે ગણાય.
દેવી શક્તિને સમજણથી વાવ્યું સારા જગમાં !
તારા પ્રેમનો વાહક બનવા, માગું આશિષતવથી !
- ભર્યું ભર્યું...

દેહથી દૂર ભલેને 'દાયા'; ચિત્ત ચરણને સ્પર્શે,
ભાવાશ્રુથી અંતર કેરી આંખડી મારી વરસે !
જન્મે જન્મે એનો બનાવા, જાણું આશિષ તવથી !
- ભર્યું ભર્યું...

- એકતા પી. પટેલ, એફ.વાય.બી.એ.,રોલ નં.૩૭

# માનવનું મુલ

વીરતા એજ માણસનો ધર્મ છે.
સત્કાર્ય એજ માણસની શોભા છે.
સજ્જનતા એજ માણસની સુવાસ છે.
પ્રસન્નતા એજ માણસનો ધર્મ છે.
ક્ષમા એજ વીરનું આભૂષણ છે.
પ્રાર્થના એજ પ્રભુ પંથનો દીવો છે.
સત્ય એજ માણસની પ્રામાણિકતા છે.

- સુથાર જયશ્રી કે,એફ.વાય.બી.એ., રોલ નં.૫૬

# દેશ અને દેશના ચલણો

| દેશ | ચલણ |
|---|---|
| ભારત | રૂપિયો |
| યુ.એસ.એ. | ડોલર |
| ઇંગ્લેન્ડ | પાઉન્ડ |
| યુરોપ | યુરો |
| જાપાન | યેન |
| રશિયા | રૂબલ |
| ચીન | યુઆન |
| બાંગ્લાદેશ | ટકા |
| સંયુક્ત અરબ ઇમાશત | દિરકામ |
| ઇઝરાયેલ | રોકેલ |
| ઓસ્ટ્રેલિયા | ડોલર |
| ઈરાન | રિયાલ |
| દક્ષિણ આફ્રિકા | રેન્ડ |
| પાકિસ્તાન | રૂપિયો |
| ન્યુઝીલેન્ડ | ડોલર |
| બ્રાઝિલ | કુઝડો |
| મલેશિયા | રિંગીટ |
| સ્વિડન | ક્રોના |
| શ્રીલંકા | રૂપિયો |
| ડેન્માર્ક | ક્રોન |
| ટોકિયો | યેન |
| આલ્માઆતા | ટેન્જ |
| કુવૈત | દિનાર |
| કુંઆલાલમ્પુર | રિંગીટ |
| યાંગોન | કયાત |
| કાઠમંડૂ | નેપાળી રૂપિયો |
| મસ્કત | સોમાની રિયાલ |
| માસ્કો | રૂબલ |
| રિયાધ | સી.રિયાલ |
| સિંગાપુર | ડોલર |
| રેઉલ | વોન |
| કોલંબો | રૂપિયો |
| દમાસ્કસ | સિરિયા પાઉન્ડ |
| અંકારા | લીરા |
| અબુધાબી | દિરકામ |
| ઓલ્જયર્સ | દિનાર |
| કેરો | પાઉન્ડ |
| ત્રિપોલી | લિબિયન દિનાર |
| અબુમ | નાયરા |
| પ્રિટોરિયા | રેન્ડ |
| કિન્શાસા | ઝેર |
| કરારે | ડોલર |
| પેરિસ | યુરો |
| બોર્લન | યુરો |
| એથેન્સ | યુરો |
| રોમ | યુરો |
| આસ્તો | ક્રોન |
| વોર્સો | ઝલ્ટી |
| સ્ટોક કોમ | ક્રોના |
| લંડન | પાઉન્ડ |
| કારાકાસ | બોલિવાર |
| હવાના | પૈસો |
| દિલ્હી | રૂપિયો |
| બગદાદ | ઈરાકી દિનાર |
| બ્રાઝિલિયા | કુઝેડો |
| ઓટાવા | કેનેડિયન ડોલર |

- કાછિયા રીકું કે, રોલ નં.૧૮૮, એફ.વાય.બી.એ.

## માનું

તમે મંદિર વહેંચી મસ્જિદ વહેંચી,
મમતા વહેંચી બતાવો તો માનું
તમે ઈશ્વર વહેંચ્યો અલ્લાહ વહેંચ્યો,
બંદગી વહેંચી બતાવો તો માનું
જમીન વહેંચી જમાત વહેંચી,
ફિકર વહેંચી બતાવો તો માનું
તમે પૂજક પંથને મજહબ વહેંચ્યો,
પૂજન વહેંચી બતાવો તો માનું
તમે ભજન વહેંચ્યો મિલાદ વહેંચ્યો,
પ્રીત વહેંચી બતાવો તો માનું.
તમે માણસ વચ્ચે જાતિ વહેંચી,
લોહીની જાત બતાવો તો માનું
તમે નફરત વહેંચી બિહા વહેંચ્યો,
આનંદ વહેંચી બતાવો તો માનું
તમે ધન દોલત બંગલા ગાડી વસાવ્યા,
પણ શાંતિ વસાવો તો માનું

- સુથાર જયશ્રી કે., એફ.વાય.બી.એ., રોલ નં. ૫૬

## આજની એવી સિરિયલ

પા-શેર પ્રેમ હોય, પાંચ શેર વહેમ હોય,
કોઈ અડિયલ હોય, કોઈ ચિડીયલ હોય.
આજની એવી સિરિયલ હોય !

સાસુ સારી હોય તો વહુ નઠારી હોય,
સાસુ ગઠિયલ હોય તો વહુ ગુણીયલ હોય.
આજની એવી સિરિયલ હોય.

શંકાશીલ પતિ હોય, દોસ્ત લક્ષ્મણજતિ હોય,
સાથમાં સહિયર હોય, આણું-ઓણું મહિયર હોય.
આજની એવી સિરિયલ હોય !


મજબૂરી માટે, 'કસમ' હોય, છળકપટ વાળો રસમ હોય,
દવાખાને કોઈ સિરિયલ હોય, 'હાર્ટ એટેક'નો સિરિયસ હોય,
આજની એવી સિરિયલ હોય !

પતિ-પત્નિ અને 'વો' હોય, અત્તાર એક મિમાર સો હોય,
મજાની એક મંજિલ હોય, 'ટ્રેન્ડ' પ્રમાણે સિરિયલ હોય.
આજની એવી સિરિયલ હોય !

- પટેલ તુલસી પી., (એમ.એ.-પાર્ટ-૧) રોલ નં. ૫૪

## સ્વર્ગની સરકાર


૧) રાષ્ટ્રપતિ - ભગવાન દત્તાત્રેય
૨) વડાપ્રધાન - મહાદેવજી
૩) બાંધકામ - બ્રહ્માજી
૪) નાણાંખાતુ - મહાલક્ષ્મીજી
૫) વ્યવસ્થા - વિષ્ણુ ભગવાન
૬) અધ્યક્ષ - શ્રી ગણેશ
૭) વિકાસ ખાતુ - પવનદેવ
૮) પુરવઠા ખાતુ - અન્નપૂર્ણાજી
૯) શિક્ષણ તથા સમાજકલ્યાણ - સરસ્વતિજી
૧૦) કૃષિખાતુ - મેઘરાજ
૧૧) સિંચાઈખાતુ - ઈન્દ્રરાજ
૧૨) આરોગ્યખાતુ - અશ્વીનીકુમાર
૧૩) માહિતી પ્રસારણ પ્રદેશ વ્યવહાર - નારદજી
૧૪) ગુપ્તચર ખાતુ - સૂર્યનારાયણ
૧૫) સંરક્ષણખાતુ - હનુમાનજી
૧૬) આયાત ભંડોળ ખાતુ - કુબેર ભંડારી
૧૭) વિદેશ ખાતુ - રત્નાકર સાગર
૧૮) ન્યાય ખાતુ - યમરાજ




(તા. ૧૫-૬-૦૯ ના રોજ ચાલી મિટીંગનું ઉદ્દઘાટન કરતા મા. શ્રી પ્રજેશભાઈ-પ્રમુખ, પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ-પેટલાદ.)



(તા. ૨૬-૬-૦૯ ના રોજ I.I.C. સેલ આયોજિત કાર્યક્રમમાં પ્રતિભાવ રજૂ કરતી કોલેજની વિદ્યાર્થિની કુ. હેતલ પી. ડાભી હાલ. I.I.T. દિલ્હીમાં અભ્યાસ કરે છે.)




ગુજરાતી સેમિનાર
તા. ૨૪-૭-૨૦૦૯
(અધ્યક્ષ : પ્રો. કાંતીભાઈ આર. વણકર)



CWDC અંતર્ગત મમતાદિનની ઉજવણીના ભાગરૂપે આંગણવાડીના કાર્યકર શ્રીમતી ભાવનાબેન સી.શાહ-પેટલાદ.




તા.૨૫-૭-૦૯ એન.એસ.એસ. કાર્યક્રમનું ઉદ્દઘાટન



તા. ૧૫-૮-૦૯ ના રોજ સમાજશાસ્ત્ર વિભાગના નિવૃત્ત અધ્યક્ષશ્રી પ્રો. યુ.એસ.સોલંકી ના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો.



સાયન્સ સ્ટડી સર્કલ તા. ૧-૮-૨૦૦૯



કોલેજના આચાર્યશ્રી સાથે ચર્ચા વિચારણા કરતા વાલીઓ. સપ્ટેમ્બર-૨૦૦૯

## આચાર્યશ્રી તથા કોલેજ સ્ટાફ પરિવાર તરફથી વાચકોને નવા વર્ષના "નૂતન વર્ષાભિનંદન."

વ્હાલા વાચકમિત્રો,

'ઉત્થાન' ને વિદ્યાર્થીઓના જોમ, ઉત્સાહ, શક્તિ દ્વારા સમાજમાં ઉંચા શિખરોસર કરી તેમના સ્પંદનોને સ્પર્શ કરતા માસિક તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. માસિકમાં લખેલા લેખ કાવ્યો, તથા અન્ય કૃત્તિઓ કે જે કંઈ તેઓએ સાંભળ્યું છે, વાંચ્યું છે, કે વિચારે છે તેને તેઓ પોતાના શબ્દોમાં વ્યક્ત કરવા પ્રયત્ન કર્યો છે આ ઉત્થાન માસિક દ્વારા કવિઓ, લેખકો અને સાહિત્યકારોનો ઉછેર કરવાનું કામ થઈ રહ્યું છે. માટે વિદ્યાર્થીઓની જે કાંઈ ભૂલો છે તેને ક્ષમ્ય ગણી તેમને પ્રોત્સાહિત કરશો, તેવી વાચક મિત્રો પાસેથી અપેક્ષા રાખીએ છીએ. વાંચનના અંતે આપના પ્રતિભાવ અમારા સરનામે લખી મોકલાવશો.

- સહતંત્રીશ્રી

(Printed Matter)

BOOK POST

To ______________________

From :-
આચાર્યશ્રી
શ્રી આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ
સાયન્સ કોલેજ, પેટલાદ.
જિ. આણંદ - ૩૮૮ ૪૫૦. ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬